# ઘાંટા ગામમાં ખેતરે ગયેલા યુવક ઉપર રિંછનો હૂમલો

## ઈજાગ્રસ્ત યુવકને પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો

પાલનપુર, તા.૨૮

અમીરગઢ તાલુકાના ઘાટા ગામે શુક્રવારે મોડીરાત્રે ખેતરે આંટો મારવા ગયેલા યુવક ઉપર રિંછે હૂમલો કર્યો હતો. જેમાં યુવકના માથાના ભાગે તેમજ હાથના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાને પગલે સમગ્રપંથકમાં ફફડાટ પ્રસરી જવા પામ્યો છે.



અમીરગઢ તાલુકાના ઘાટા ગામે રહેતા ૩૦ વર્ષીય શંકરભાઈ ભાણાભાઈ સાંગીયાએ પોતાના ખેતરમાં લસકા બાજરીનું વાવેતર કર્યુ છે. જેઓ તેમની પત્ની તેમજ પાંચ સંતાનો સાથે ગામમાં રહે છે. દરમિયાન શુક્રવારે મોડીરાત્રે ૧૨.૦૦ કલાકના સુમારે ખેતરમાં આંટો મારવા ગયા હતા. તે સમયે લસકા બાજરીમાં છુપાયેલા રિંછે તેમની ઉપર અચાનક હૂમલો કરી દીધો હતો. જેમાં શંકરભાઈના માથાના ભાગે તેમજ હાથ ઉપર ગંભીર ઈજાઓ થવા પામી હતી. હૂમલાથી ભયભીત બનેલા તેમણે બુમાબુમ કરતાં આજુબાજુના ખેતરમાંથી લોકો દોડી આવ્યા હતા. અને રિંછના હૂમલામાંથી બચાવ્યા હતા. જેમને ૧૦૮ દ્વારા પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

### રિંછ તેના બે બચ્ચા સાથે હતી

આ અંગે ઈજાગ્રસ્ત શંકરભાઈના પરિવારજનોએ જણાવ્યું હતુ કે, રિંછ તેના બે બચ્ચાઓ સાથે હતી. બચ્ચાઓના રક્ષણ માટે તેણે હૂમલો કર્યો હશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ દાંતા પાસે બચ્ચા ખાતર હૂમલો કરી રિંછે ત્રણ વ્યકિતઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા.

# મોડાસામાં તબીબોએ એનએમસી બિલનો સજ્જડ વિરોધ કરી ચાર રસ્તા પર ધરણા પર બેઠા

ઈંડિયન મેડિકલ એસોસિએશન દ્વારા સરકારના સૂચિત નેશનલ મેડિકલ કમિશન બિલના વિરોધમાં સમગ્ર દેશમાં શનિવારે એક દિવસીય રાષ્ટ્રીવ્યાપી હડતાળમાં આઈ.એમ.એ. મોડાસા બ્રાન્ચ અને ઉત્તરગુજરાતના તમામ ખાનગી હોસ્પિટલના તબીબો અને લેબોરેટરી સવારે ૬ વાગ્યાથી સાંજના ખાતે એનએમસી બિલનો વિરોધ કરી ધરણા યોજી કામગીરીથી અળગા રહી હડતાળમાં જોડાયા હતા. એન.એમ.સી. બિલનો વિરોધ કરતા તબીબોએ જણાવ્યું હતું કે સરકારનું આ સૂચિત એન.એમ.સી. બિલ નાગરિકોના સ્વાસ્થ્ય માટે ચેડાં સમાન હોવાથી અને સામાન્ય નાગરિક માટે ફાયદાકારક નહિ નુકશાનકારક બની



૬ વાગ્યા સુધી કામકાજથી અળગા રહી સજ્જડ બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો. ઉત્તર ગુજરાતના ૨૫૦૦થી વધુ હોસ્પિટલ હડતાળમાં જોડાતા હડતાળથી અજાણ દર્દીઓને સારવારથી દૂર રહેવું પડ્યું હતું. ક્રિટિકલ કેર અને ઈમર્જન્સી સારવાર કાર્યરત રહી હતી.

આઈ.એમ.એ. મોડાસા દ્વારા ચાર રસ્તા નગરપાલિકા ટાઉનહોલ રહેશે. આ બિલ ગરીબ અને મધ્યમવર્ગ વિરોધી છે અને હાલની તબીબી શિક્ષણ વ્યવસ્થાને પારાવાર નુકશાન પહોચાડનારું છે. બિલની સૂચિત જોગવાઈના લીધે ભ્રષ્ટાચારને પણ પ્રોત્સાહ મળી રહેવાની સંભાવના હોવાથી એન.એમ.સી. બિલના વિરોધમાં મોડાસા સહીત અરવલ્લી જિલ્લાના ખાનગી તબીબો જોડાયા હતા.

# પ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામમાં આઝાદીના ૫૦ વર્ષ પછી પણ સ્ટ્રીટ લાઈટોથી વંચિત

## તાલુકાનું મોટામાં મોટું ગામ છતાં સ્ટ્રીટ લાઈટો ના હોવાથી ગ્રામજનો અંધારામાં અવર-જવર કરે છે

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામમાં આઝાદીના ૫૦ વર્ષ પછી પણ આજદિન સુધી ગામમાં સ્ટ્રીટલાઈટો લગાવવામાં આવી નથી અને ગામના મોટાભાગના ગામજનો સ્ટ્રીટલાઈટ એટલે શું તેની પણ ખબર નથી. યંત્ર



યુગમાં અને ડીજીટલ ઈન્ડિયા મેકિંગ ઈન્ડિયાની વાતો વચ્ચે આઝાદીના ૫૦ વર્ષ બાદ પણ બાલીસણા ગામમાં સ્ટ્રીટલાઈટો ના હોવાથી રાત્રીના સમયે ચોમાસાની સિઝનમા પણ ગ્રામજનો રાત્રીના સમયે કાદવ કિંચડમાં અવર જવર કરે છે. ગામના લોકોને ઝેરી જાનવરનો ભય સતાવે ત્યારે યંત્ર યુગમાં પણ બાલીસણા ગામ હજુ સ્ટ્રીટ લાઈટોથી વંચિત છે. સરકાર દ્વારા મેકિંગ ઈન્ડિયાની વાતો માત્ર કાગળો ઉપર રહેવા પામી છે.



સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ ઉત્સવો પાછળ કરવામાં આવે છે અને મેકિંગ ઈન્ડિયાની વાતો સાથે ડીજીટલ ઈન્ડિયાની વાતો કરવામાં આવે છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાનુ મોટામાં મોટું ગામ બાલીસણા ગામમાં આજદિન સુધી સ્ટ્રીટલાઈટોની પંચાયત દ્વારા વ્યવસ્થા કરવામાં આવી નથી. ગામનાં લોકોને રાત્રી દરમ્યાન સ્ટ્રીટલાઈટો ના હોવાથી અંધારામાં અવર-જવર કરે છે. હવે તો ગામના લોકો પણ ટેવાઈ ગયા છે. ૫૦ વર્ષ પાછળ હોય તેવું જણાઈ આવે છે. ત્યારે સરકાર દ્વારા સ્ટ્રીટ લાઈટ માટે સબસીડી કે સહાય રૂપે ફંડ કે ગ્રાન્ટ આપવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

### ગ્રામજનોનું શું કહેવું છે

હાલ તો સ્ટ્રીટલાઈટ એટલે શું એ અમને ખબર નથી અને અમારા જન્મ પહેલાની ગામમાં સ્ટ્રીટ લાઈટો નથી.

### સરપંચનું શું કહેવું છે

જો સ્ટ્રીટલાઈટો ગામમાં દરેક જગ્યાએ નાખવામાં આવે તો મહિને ૭૦ થી ૮૦ હજારનું બીલ આવે અને અમારા પંચાયતની આવક પણ એટલી થતી નથી જેથી અમે અમારા ગામમાં સ્ટ્રીટલાઈટ નાખી શકીએ તેમ નથી અને જો કદાચ કાઈથી પણ આગુ પાસું કરીને સ્ટ્રીટ લાઈટો નાખીએ તો એક કે બે મહિના પછી બીલ ભરવાના પૈસા ના હોવાથી બધ કરવાનો વારો આવે જ્યારે અમારી પંચાયત જોડે કોઈ ફંડ ભેગું થશે કે સરકારની સહાય મળશે તો અમે આગળ વિચારીશું.

# તિરૂપતિ ટાઉનશીપના રહિશોની આર. સી. સી. દિવાલ ચણવાની ચિમકી આપી

પાલનપુરના આકેસણ ફાટક માર્ગ નજીક આવેલી તિરૂપતિ ભાગ બે સોસાયટીના રહિશો બુધવારે નગરપાલિકામાં ઘસી આવ્યા હતા. તેમણે ચિફ ઓફિસરને રજૂઆત કરતાં જણાવ્યું હતુ કે, દેવાયાની તેમજ શ્રધ્ધા સોસાયટીના રહિશો દ્વારા ગંદા પાણીનો નિકાલ જાહેરમાં કરાતો હોવાથી આ પાણી તિરૂપતી સોસાયટીમાં ભરાઈ રહેતા હોવાથી રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે. આ અંગે અગાઉ પણ વારંવાર રજૂઆતો કરી હોવા છતાં કોઈ પગલા ભરવામાં આવતા નથી. જેથી હવે માર્ગ વચ્ચે આર. સી. સી.ની દિવાલ ચણી દેવાની ચિમકી આપી હતી.

# બાયડના દેરોલી નજીક સ્કૂલ વાન ભડભડ સળગી : વિદ્યાર્થીઓનો બચાવ

બાયડ, તા. ૨૮

અરવલ્લી જીલ્લામાં મોટા ભાગે સિએનજી ફિટેડ વાહનોનો ઉપયોગ સ્કૂલ વાન તરીકે વાહનચાલકો ઉપયોગ કરી રહ્યા છે. સીએનજી ગેસ ધરાવતા વાહનો જીવતા બૉમ્બ સમાન હોય તેમ અનેકવાર જીલ્લામાં ચાલુ વાહને સળગી ઉઠવાની ઘટનાઓ સામે આવી રહી છે. કેટલાક વાહનચાલકો હલકી ગુણવત્તા વાળી સીએનજી કીટ વાહનોમાં લગાવી વાહનો હંકારી લોકોના જીવ જોખમ મૂકી રહ્યા છે. સ્કૂલવાનમાં ૨૫ થી ૩૦ બાળકો ઘેટાં બકરાની જેમ ભરી જોખમી સવારી કરાવતા ઠેર ઠેર નજરે ચઢતા હોય છે. બાયડ તાલુકાના દેરોલી ગામ નજીક બાળકોથી ભરેલ સીએનજી સ્કૂલવાનમાં અગમ્યકારણોસર આગ ભભૂકી ઉઠતા વાનના ડ્રાઈવરે સમયસૂચકતા વાપરી કાર રોડ પર ઉભી રાખી દઈ તમામ બાળકોને નીચે ઉતારી દેતા જાનહાની ટળી હતી. કાર ભડભડ સળગી ઉઠતા અફડાતફડી મચી હતી. ગામલોકો દોડી આવ્યા હતા પણ કારમાં લાગેલી ભીષણ આગથી કાર સ્વાહા થઈ ગઈ હતી.



# મોડાસામાં યાદશક્તિ અને માનસિક શક્તિનો ફ્રી સેમિનાર યોજાયો

મોડાસા, તા. ૨૮

મિશન ફોર યોર સક્સેસ હેઠળ ટ્રેનિંગ પ્રોગ્રામ ચલાવતા સ્ટુડન્ટ કોચ એન્ડ મોટીવેશનલ સ્પીકર પદમસિંહ કાનડીયા દ્વારા વિદ્યાર્થીઓ માટે ફ્રી સેમિનારનું આયોજન મોડાસા ખાતે પરફેક્ટ કેરિયર એજ્યુકેશનમાં કરવામાં આવ્યુ હતુ. જેમાં વિદ્યાર્થીઓ માટે ભણવામાં ઉપયોગી થાય તેવી ટિપ્સ તથા તેનુ મટેરીયલ ફ્રી માં આપવામાં આવ્યુ હતુ. તેમજ વિદ્યાર્થીની લગતી દરેકે તકલીફનું સમાધાન કઈ રીતે લાવી શકાય તેનુ માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ. તેમજ કોઈપણ ટોપિકને અલગ પદ્ધતિથી યાદ રાખીયે તો કેટલું ઝડપથી યાદ રહે છે તેનો લાઈવ ડેમો પણ આપવામા આવ્યો હતો. આ સેમિનારનો લાભ વાલી, વિદ્યાર્થી તેમજ શિક્ષકોએ લીધો હતો.

# પાલનપુરમાં પરિણિતાએ ઉંદર મારવાની દવા પી કર્યો આપઘાતનો પ્રયાસ

પાલનપુરના ચાણકયપુરી સોસાયટીમાં રહેતી એક પરિણિતાએ તેના પતિ સહિત સાસરીપક્ષના વ્યકિતઓના ત્રાસથી દસ દિવસ અગાઉ ઉંદર મારવાની દવા ગટગટાવી હતી. તેણીએ સ્વસ્થ થયા બાદ આ અંગે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં ચકચાર મચી જવા પામી છે. પાલનપુરમાં શહેરના હનુમાન ટેકરી વિસ્તારમાં આવેલી ચાણકયપુરી સોસાયટીમાં રહેતા નિલમબેન પરમારને તેમના પતિ બ્રિજેશકુમાર ગોવિંદભાઈ પરમાર, ગોવિંદભાઈ પરમાર, ઉર્મિલાબેન ગોવિંદભાઈ પરમારે અવાર નવાર શારિરીક માનસીક ત્રાસ આપતા હતા. જેનાથી ત્રાસી જઈ તેણીએ દસ દિવસ અગાઉ ઉંદર મારવાની તેમજ ઉંઘની ગોળીઓ ગળી ગયા હતા. જેમની તબિયત સ્વસ્થ થતાં પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

**સારા વરસાદના એંધાણ : ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી**

# ભિલોડા તાલુકાના ટોરડા ખાતે ગોપાળાનંદ સ્વામીની જન્મભૂમિ સ્વામિનારાયણ મંદિરે અષાઢી તોલાઈ

ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા ગોપાળાનંદ સ્વામીની



જન્મભુમીમાં અને સ્વામીનારાયણ મંદીરમાં અષાઢી તોલાઈ હતી.સારા વરસાદના એંધાણ વર્તાતાં ખેડુતો ખુશખુશાલ છે.ખેડુતો,વેપારીઓ વર્ષોની પરંપરા અનુસાર ટોરડા સ્વામીનારાયણ મંદીરમાં તોલાતી અષાઢી સાંભળવા તત્પર હતા. અષાઢ વદ એકમના દિવસે સ્વામીનારાયણ ભગવાનના વાઘામાં જુદા-જુદા ધાન્ય (અનાજ)ની પોટલીઓ બનાવી અશ્વિનભાઈ સોનીના કાંટે તોલી પાંચ પંચોની રૂબરૂ બાંધી ભગવાનની પાસે મુંકવામાં આવે છે.ટોરડા સ્વામીનારાયણ મંદીરમાં તોલાયેલા અષાઢીના વર્તારા મુજબ સારા વરસાદના એંધાણ વર્તાયા છે. નદી, નાળા, જળાશયો, ચેકડેમ, તળાવો ભરાશે ત્યારે શિયાળુ પાક પણ સારો થઈ શકે તેમ હોઈ ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી છે.

ટોરડા મંદીરએ અષાઢી તોલાઈ ત્યારે પહાડા પટ્ટાના ખેડુતો,વેપારીઓ,ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ટોરડા સ્વામીનારાયણ મંદીરમાં અષાઢી વર્ષોની પરંપરા મુજબ તોલાય છે.અષાઢીનો વર્તારો સાચો પડે છે.

ટોરડા સ્વામીનારાયણ મંદીરમાં અષાઢીનો વર્તારો અને વધઘટ નીચે મુજબ છે.

(૧) લાલ માટી-બાજરીના ૬ કણ વધારે (૨) મગ-૩ કણ ઘટ (૩) ઘઉં-૨૧ કણ વધારે (૪) ચણા-૧૭ કણ વધારે (૫)અળદ-૩ કણ ઘટ (૬) બાજરી-૧૪ કણ વધારે (૭) કપાસ-૧૭ કણ વધારે (૮) ડાંગર-૨૧ કણ વધારે (૯) રસકસ-બરાબર (૧૦) કાળી માટી-૮ કણ ઘટ (૧૧) મકાઈ-૧૪ કણ વધારે આ પ્રમાણે અષાઢીનો વર્તારો જોવા મળતાં એકદંરે વર્ષ સારૂ નિવડે તેવા એંધાણ વર્તાયા છે.

ટોરડા ગોપાળાનંદ સ્વામીના અનેક પરચાઓ છે.શામળાજી થી કાળીયા ઠાકોર શામળીયા ભગવાન ગોપાળાનંદ સ્વામી પાસે ટોરડા ગામે રમવા આવતા હતા.શામળીયા ભગવાનનું ઝાંઝર ત્યાં રહી ગયું હતું. ગુજરાત રાજ્યનું સુપ્રસિધ્ધ યાત્રાધામ સાળંગપુરમાં કષ્ટભંજન દેવની મુર્તીની સ્થાપના કરી હતી. ભાવિક ભક્તોના દુઃખ દુર કરવાની પ્રેરણા પુરી પાડી હતી. ટોરડા સ્વામીનારાયણ મંદીરે દુર-દુરથી રોજે-રોજ દર્શનાર્થે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો આવી અલૌકિક મંદીરે દર્શન કરી ધન્યતા અનુભવે છે.



**મોડાસા માર્કેટયાર્ડમાં ગેરકાયદેસર દબાણકારનાર ૧૪૩ વેપારીઓ સામે તવાઈ**

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર કોલેજ રોડ પર જીલ્લાનું સૌથી મોટું ધમધમતું માર્કેટયાર્ડ આવેલું છે જેમાં ૪૦૦થી વધુ દુકાનોમાં વેપારીઓ ખેત પેદાશોની લે-વેચ અને શાકભાજીની લે-વેચ કરવામાં આવે છે. મોડાસા માર્કેટયાર્ડમાં ૧૪૩ જેટલા દુકાનદારોએ માર્કેટયાર્ડની જગ્યામાં ગેરકાયદેસર દબાણ કરતા ભારે ખેડૂતો અને ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોવાથી મોડાસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા ગેર કાયદેસર દબાણો દૂર કરવા કેવિયેટ દાખલ કરી દબાણકારોને દબાણ દૂર કરવા નોટિસ ફટકારતા દબાણકારોમાં ફફડાટ ફેલાયો હતો. મોડાસા માર્કેટયાર્ડના સત્તાધીશો દ્વારા દબાણકાર્ય દૂર કરવાની સરાહનીય કામગીરી હાથ ધરવામાં આવતા ખેડૂતો અને વેપારીઓમાં આવકારદાયક પગલું ફક્ત નોટિસ પૂરતું તો સીમિત નહિ રહે ને ? ચર્ચા એ જોર પકડ્યું છે.

# પાલનપુરમાં વેતનના મુદ્દે ચાલતી ખાનગી હોસ્પિટલોના કર્મચારીઓની હડતાલ સમેટાઈ

પાલનપુર ખાતે ખાનગી હોસ્પિટલોમાં કામ કરતાં વાલ્મિકી સમાજના કામદારોને લઘુત્તમ વેતન પ્રમાણે પગાર ન આપી તેમનું શોષણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે તેઓની માગણી ન સંતોષાતા તેઓએ હડતાલનું શસ્ત્ર ઉગામ્યું હતું. દરમિયાન ગુરૂવારે સાંજે તબીબોએ શરતોને આધિન પગાર વધારો કરવાની ખાત્રી આપતાં ૩ દિવસથી ચાલતી હડતાલ સમેટાઈ હતી.

પાલનપુર ખાતે આવેલી ખાનગી હોસ્પીટલો, લેબોરેટરી, મેડીકલ સ્ટોરમાં વાલ્મિકી સમાજના કામદારો મોટી સંખ્યામાં નોકરી કરી રહ્યા છે. જેઓ વંશ પરંપરાગત વ્યવસાય કરતાં હોઈ મોટાભાગના યુવક-યુવતીઓ હોસ્પિટલમાં સાફ-સફાઈ તેમજ કમ્પાઉન્ડર સહિતની કામગીરી કરે છે. જોકે, તેમને માસિક ત્રણ થી પાંચ હજારનું વેતન ચૂકવી શોષણ કરવામાં આવી રહ્યું છે. આટલા ઓછા પગારમાં કારમી મોઘવારીમાં જીવન નિર્વાહ ચલાવવું, બાળકોનો અભ્યાસમાં આર્થિક ભીંસ અનુભવવી પડતી હોય છે. ત્યારે આ કામદારોને સરકારના નિતિ નિયમો મુજબ લઘુત્તમ વેતન ચૂકવવામાં આવે તે માટે બનાસકાંઠા વાલ્મિકી યુવા સંગઠન દ્વારા ઈન્ડિયન મેડીકલ ઓસોસીએશનના પ્રમુખને તાજેતરમાં રજૂઆત કરવામાં આવી હતી. જોકે, તેમના દ્વારા કોઈ નિર્ણય લેવામાં ન આવતાં આખરે સોમવારે સંગઠન દ્વારા પાલનપુરમાં વિશાળ રેલી યોજી જીલ્લા કલેકટર સંદિપ સાગલેને લેખિતમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. દરમિયાન ત્રણ દિવસ બાદ ખાનગી તબીબોએ શરતોને આધિન પગાર વધારાની ખાત્રી આપતાં આખરે હડતાલ સમેટાઈ હતી.







**ભિલોડામાં પ્રાઈવેટ દવાખાના અને લેબોરેટરી સજ્જડ બંધ**

અરવલ્લી જીલ્લા મથક ખાતે મોડાસામાં ડાંક્ટરોએ એન.એમ.સી. બિલનો સજ્જડ વિરોધ કરી ચાર રસ્તા ઉપર ધરણા કર્યા હતા. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં પ્રાઈવેટ દવાખાના અને લેબોરેટરી સજ્જડ બંધ રહેતાં દર્દીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. ઈન્ડીયન મેડીકલ એસોસિએશન ધ્વારા સરકારના સુચિત નેશનલ કમિશન બિલના વિરોધમાં સમગ્ર ભારત દેશભરમાં એક દિવસીય રાષ્ટ્રીય વ્યાપી હડતાલમાં આઈ.એમ.એ. મોડાસા બ્રાન્ચ અને ઉત્તર ગુજરાતના તમામ પ્રાઈવેટ હોસ્પિટલના ડાંક્ટરો અને લેબોરેટરી સજ્જડ બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો.